# પૂ. લાલચંદભાઇના પ્રવચનો
# શ્રી સમયસાર, ગાથા ૪,૫,
# પ્રવચન નંબર ૧૩૨ ,તા. ૦૨-૦૭-૧૯૮૯ Version 1

શ્રી સમયસાર પરમાગમ શાસ્ત્ર, તેનો પ્રથમ જીવ નામનો અધિકાર, ગાથા ૩ એનો ભાવાર્થ.

**નિશ્ચયથી સર્વ પદાર્થ પોતપોતાના સ્વભાવમાં સ્થિત રહ્યે જ શોભા પામે છે. પરંતુ જીવ નામના પદાર્થની અનાદિ કાળથી પુદ્‌ગલકર્મ સાથે નિમિત્તરૂપ બંધ-અવસ્થા છે; તે બંધાવસ્થાથી આ જીવમાં વિસંવાદ ખડો થાય છે..** ઝઘડો દુઃખ:દાયક સ્થિતિ ખડી થાય છે. **તેથી તે શોભા પામતો નથી**. જીવ. બીજાની સાથે સંબંધ થાય એમાં જીવનું બિલકુલ હિત નથી. અહિત થાય છે, એમ. **માટે વાસ્તવિક રીતે વિચારવામાં આવે તો એકપણું જ સુંદર છે; તેનાથી આ જીવ શોભા પામે છે.** અહીં છએ દ્રવ્યની વાત કરી હતી. છએ દ્રવ્ય એકપણામાં રહે તો શોભા પામે છે. દ્રવ્ય-ગુણ-પર્યાય એ સાત પ્રકારથી વાત કરી છે. ઉપરમાં જે કહ્યું નિશ્ચયથી સર્વ પદાર્થ, નિશ્ચયથી એટલે જ્ઞેય પ્રધાન નિશ્ચય છે.

**હવે, તે એકત્વની અસુલભતા બતાવે છે:- ગાથા-૪.**

**શ્રુત-પરિચિત-અનુભૂત સર્વને કામભોગબંધનની કથા;**
**પરથી જુદા એકત્વની ઉપલબ્ધિ કેવળ સુલભ ના. ૪**

એટલે દુર્લભ છે.

**ટીકા:- આ સમસ્ત જીવલોકને,** એટલે લોકમાં રહેલા જીવોને **કામભોગ સંબંધી કથા** એટલે ભાવ, કરવું ને ભોગવવું અથવા કર્મચેતના અને કર્મફળચેતના એ સંબધી જે ભાવ વ્યવસાય સ્વરૂપ **એકપણાથી વિરૂદ્ધ હોવાથી અત્યન્ત વિસંવાદી છે.** સર્વથા દુઃખદાયક છે. (**આત્માનું અત્યંત બૂરૂં કરનારી છે**) કામ અને ભોગની કથા. ભાવાર્થમાં કામનો અર્થ કર્યો છે વિષયોની ઈચ્છા અને ભોગ એટલે તેમને, વિષયોને ભોગવવું. કરવું અને ભોગવવું એટલે પદાર્થને મેળવવાની ઈચ્છા અને પદાર્થને ભોગવવાની ઈચ્છા. પરપદાર્થને મેળવવું અને પરપદાર્થને ભોગવવું એવી જે કામ અને ભોગ.

કામનો અર્થ ખરેખર ઈચ્છા થાય છે. ઈચ્છા એટલે વિષયોની ઈચ્છા એમ કહ્યું, અને ભોગ એટલે તેમને ભોગવવું, એટલે વિષયોને ભોગવવું. એ કથા જીવનું અહિત કરનારી છે. **તોપણ, પૂર્વે અનંતવાર સાંભળવામાં આવી છે.** શું કહ્યું? કે કામ અને ભોગની કથા, કર્તાપણું અને ભોગવવું, કર્તાબુદ્ધિ ને ભોક્તાબુદ્ધિ એ વાત અનંતકાળથી પૂર્વે એણે સાંભળવામાં આવી છે. આત્મા જ્ઞાતા છે એ વાત એને સાંભળવામાં આવી નથી, એમ.

કરવું અને ભોગવવું એ વાત જ એને, એને શ્રવણમાં એ આવ્યા કરે છે. પહેલા શ્રવણ લીધું. **અનંતવાર પરિચયમાં આવી છે.** આત્માને અજ્ઞાનદશામાં કરવું ને ભોગવવું તે એને પરિચિત છે. આત્મા કર્તા નથી ને ભોક્તા નથી એ વાત અપરિચિત છે, એને પરિચયમાં આવી નથી ને સાંભળવામાં આવી નથી. **અને અનંતવાર અનુભવમાં પણ આવી ચૂકી છે.** કર્તાબુદ્ધિ અને ભોક્તાબુદ્ધિ. અનંત અનંત અનંતકાળ પૂર્વે, પૂર્વની વાત કરે છે. ભવિષ્યકાળમાં આ એને

સાંભળવામાં આવશે ને પરિચયમાં આવશે અને અનુભવમાં આવશે એમ લખ્યું નથી. પૂર્વકાળમાં આ સંસ્કાર એને અનાદિના છે, કરવું ને ભોગવવું. આત્મા જ્ઞાતા છે તે વાત સાંભળી તો નથી એનો પરિચય પણ કર્યો નથી અને જ્ઞાનનો એકત્વ ને અનુભવ પણ કર્યો નથી.

**કેવો છે જીવ લોક?** રાગને કરવું અને રાગના ફળને ભોગવવું. કર્મચેતના અને કર્મફળચેતના અનાદિકાળની છે. એ વાત નવી નથી એમ. રાગને કરવું એવો એને અભ્યાસ ને અધ્યાસ છે. અને દુ:ખને ભોગવવું એ પણ એને અભ્યાસ છે. રાગ અને રાગના ફળથી ભિન્ન આત્મા છે એ વાત સાંભળી નથી. **કેવો છે જીવ લોક?** એટલે લોકમાં રહેલા જીવો કેવા છે? **જે સંસારરૂપી ચક્રના મધ્યમાં સ્થિત છે. સંસારરૂપી ચક્રની** વ્યાખ્યા કરે છે. **નિરંતરપણે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવરૂપ અનંત પરાવર્તનોને લીધે** દ્રવ્ય પરાવર્તન, ક્ષેત્ર પરાવર્તન, કાળ પરાવર્તન, ભવ અને ભાવ. ઓહોહો..!

એ પરાવર્તનની જ્યારે વાત સાંભળીએ ત્યારે એમ થાય કે કેટલોય કાળ વયો (ચાલ્યો) ગયો, આહાહા! જેમ કે ક્ષેત્ર પરાવર્તનની વાત આપણે કરીયે તો લોકાકાશના એક એક પ્રદેશે ક્રમે ક્રમે જન્મ્યો ને મર્યો. પછી, પહેલા પ્રદેશ પછી જો ત્રીજા પ્રદેશે આવીને જન્મ્યો-મર્યો હોય ને રખડે તો પાછો બીજા પ્રદેશે આવવું જોઈએ...ઓહોહોહો! કાળ અનંત..અનંત..અનંત.. અનંત..અનંતકાળ ગયો પરાવર્તનનો. એમ એક પરમાણુ, ક્ષેત્ર, અવસર્પિણી ને ઉત્સર્પિણી એના એક એક સમયે જન્મવું ને મરવું ક્રમસર. ક્રમ ભંગ કરે તો પાછો ફરી ફેરો, ફરી ફેરો..

મુમુક્ષુ:- એ ગણત્રીમાં જ ન આવે.

ઉત્તર:- ગણત્રી ન થઇ શકે, એવો દરિયો વયો ગયો, એમ કહે છે. **અનંત પરાવર્તનોને લીધે,** આહા**!** એક પરાવર્તન નહીં એક અર્ધપુદ્ગલ પરાવર્તનમાં કેટલો કાળ જાય? એક પુદ્ગલ પરાવર્તનમાં કેટલો કાળ જાય? અને અનંત પુદ્ગલ પરાવર્તન, એમ. **જેને ભ્રમણ પ્રાપ્ત થયું છે.** અનંતકાળથી ચાર ગતિમાં રખડે છે.

**સમસ્ત વિશ્વને એકછત્ર રાજ્યથી વશ કરનાર મોટું મોહરૂપી ભૂત જેની પાસે બળદની જેમ ભાર વહેવડાવે છે..** શાંતિથી બેસી શકે નહીં. કર્તા-ભોક્તા, કર્તા-ભોક્તા, કરવું, આમ કરવું, આમ કરવું આના પછી આમ કરવું, એમ નિરંતર જાળ, સંકલ્પ ને વિકલ્પની ઊભી થયા કરે છે. **સમસ્ત વિશ્વને** એક મોહરાજાનું રાજ છે, એમ કહે છે. મોહરાજા જેના હ્રદયમાં જ્ઞાનમાં અજ્ઞાનમાં આવ્યો એ મોહ એને સુખે બેસવા દેતો નથી. એની પાસે બળદની, ગુરુદેવ તો બળદનો દાખલો આપે છે. આમ..કરે, ટેવાયેલો હોય...અને માથે ધોંસરું નાખે ને માથે પડે ભાર. એવી રીતે અજ્ઞાન અંધકારથી, મોહથી, મૂર્છાથી અસાવધાન દશાથી ભૂતની માફક મોહને અને મોહથી **મોહરૂપી ભૂત જેની પાસે** એટલે જીવની પાસે **બળદની જેમ ભાર વહેવડાવે છે, જોરથી ફાટી નીકળેલા.**

હવે બીજો, **જોરથી ફાટી નીકળેલા તૃષ્ણારૂપી રોગના દાહથી જેને અંતરંગમાં પીડા પ્રગટ થઇ છે,** શાંતિ નથી એટલે પાંચ ઇન્દ્રિયોના વિષય તરફ ઝુકી ઝુકીને એ દુ:ખ ને ટાળવા માંગે છે ને પ્રાયે: દુ:ખ ડબલ થાય છે. એ દુ:ખને ટાળવાની વિધિ જ ખોટી છે. કેમકે ભૂખની ઈચ્છા થઈ તો જમી લ્યે તો એ વખતે ભૂખનું દુ:ખ ટળે શાંતિ થાય. એમ જોવાની, સૂંઘવાની, સ્પર્શ કરવાની

અનેક પ્રકારની જે દુઃખ ભરી છે કલ્પના, એને, જો આગળ કહે છે.

હવે જે એ રોગથી દાહ થયો છે અંદરમાં આગ લાગી છે, **જેને અંતરંગમાં પીડા પ્રગટ થઈ છે, આકળો બની બનીને મૃગજળ જેવા વિષયગ્રામને ( ઇન્દ્રિયવિષયોના સમૂહને) જે ઘેરો ઘાલે છે** એને શાંતિ માટે ઇન્દ્રિયના વિષય તરફ, ઇંદ્રિયજ્ઞાન ઇન્દ્રિયના વિષય તરફ ઝુકે છે ને પોતાની શાંતિ શોધે છે પણ ક્યાંય એને શાંતિ મળતી નથી. ક્ષણિક શાંતિ દેખાય, એમાંય એને ભ્રાંતિ થાય છે.

મુમુક્ષુ:- ભ્રાંતિ થાય છે.

ઉત્તર:- ઈ ભ્રાંતિનું કારણ છે ઉલટું. **અને જે પરસ્પર આચાર્યપણું પણ કરે છે.** લ્યો! આ જીવ આખા અજ્ઞાની છે ઈ પરસ્પર આચાર્યપણું કરે છે, ઉપદેશ આપે છે. તદ્દન ઉલટો રસ્તો છે.

'સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે' આવ્યું તું ને! 'સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે, લેશ એ લક્ષે લહો.' એક જરાક તો તું લક્ષમાં લે કે તું સુખને માટે ઝાવાં નાખે છે ચારે બાજુ, કમાવું, ભોગવવું, મોટર લેવી, બંગલા લેવા, કપડાં સારા વગેરે અનેક અનેક પ્રકારે તું સુખને માટે પ્રાપ્તિ (પ્રયત્ન) કરે પણ સુખ ટળે છે. સુખ આવતું નથી ને અતીન્દ્રિય સુખ ટળી જાય છે. "સુખ પ્રાપ્ત કરતાં", ઇન્દ્રિયસુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે. વાસ્તવિક આત્મિક સુખ તને મળતું નથી. "લેશ એ લક્ષે લહો." જરાક તો લક્ષમાં લે કે આમાં સુખ નથી એમ. **પરસ્પર આચાર્યપણું પણ કરે છે**.' આ સંસારનું ચિત્ર આપે છે.

મુમુક્ષુ:- ચિત્ર આપે છે.

ઉત્તર: ચિતરામણ છે સંસારનું. ચેતાવે છે. જો તું, હવે ચેત એમ. તને સમયસાર તારા હાથમાં આવ્યું છે એમ. તને ઉપદેશક મળ્યા છે. સંભળાવનાર મળ્યા અમારા જેવા આચાર્ય એમ. તું અમારી વાતને લક્ષમાં લે ને જરાક ભેદજ્ઞાન કરીને આત્માની સન્મુખ થા. સુખી થાવું હોય તો બીજો કોઈ ઉપાય છે નહીં.

**પરસ્પર આચાર્યપણું પણ કરે છે,** એમ. અજ્ઞાની પાસે જે છે એ આપે. કહે કે જાત્રા કરો, દાખલા તરીકે, સામાયિક બાંધીને બેસી જાઓ બે ઘડી, ચોખ્ખો આહાર ખાવ, સમજી ગયા, ગળેલું પાણી પીવો કુવાનું નળનું નહીં, વિગેરે વિગેરે અનેક પ્રકારે ઈ આ ઉપદેશ આપે છે. આમ કરો તો ધર્મ થાય, આમ કરો તો, પુણ્ય કરો તો ધર્મ થાય. ઉપવાસ કરો, વર્ષીતપ કરો તો ધર્મ થાય. આહાહા!

કામ ભોગની કથા છે બધી. કરવાનો જ ઉપદેશ આપે અજ્ઞાની. આત્મા કર્તા નથી, માત્ર જ્ઞાતા છે - એ ઉપદેશ આપી શકતો નથી કેમકે એ જાણતો નથી. અજ્ઞાનથી આંધળો થઈ ગયો છે. બિલકુલ અંધ થઈ ગયો છે. જ્ઞાનીનાં અને અજ્ઞાનીનાં ઉપદેશમાં મોટો આંતરો છે. એક કરવાનો ઉપદેશ આપે છે. બીજો કહે છે કે આત્મા જાણનાર છે કરનાર નથી. આ ઉપદેશનો પણ આંતરો છે મોટો. એક રાગની ક્રિયા કરવાનો ઉપદેશ આપે છે, બીજો કહે છે કે વીતરાગ ભાવથી ધર્મ થાય, રાગથી ધર્મ ન થાય.

**પરસ્પર આચાર્યપણું પણ કરે છે.** જુઓ! (**અર્થાત્ બીજાને કહી તે પ્રમાણે અંગીકાર કરાવે છે).** પોતે કરે છે ને બીજાની પાસે કરાવે છે. જે કરતા હોય એને અનુમોદન પણ આપે. **તેથી**

**કામ-ભોગની કથા,** કથા એટલે સ્વરૂપ, અનુભવ **તો સૌને સુલભ છે.** આહાહા! વગર પ્રયત્ને આ મળે છે, અને સાચું સુખ તો પ્રયત્નથી મળે પણ, આ સુલભ છે એમ, દુર્લભ નથી. શુદ્ધ આત્માનો અનુભવ દુર્લભ છે. આ તો સુલભ છે.

મુમુક્ષુઃ- કેમકે એ પ્રકારનો જ અનુભવ છે, પરિચિત છે એટલે સુલભ છે.

ઉત્તરઃ- એને સુખે કરીને પ્રાપ્ત થયા કરે છે, વગર મહેનતે. અને ઉપદેશક પણ એવા મળ્યા. જીવ કરે શું નવીન? ઉપદેશક પણ એવા મળ્યા. જીવ શું નવીન કરે? એ જે કરતા હોય, સામાયિક કરો, પ્રતિક્રમણ કરો, જાત્રા કરો, ચૌવિહાર કરો, લીલોતરીનો ત્યાગ કરો આજે ચૌદસ છે, દાખલા તરીકે, એવા ઉપદેશ! કરવાનો જ ઉપદેશ. ત્યાગના નામે પણ કર્તાબુદ્ધિ. આહાહા! બહુ થાય તો ક્રોધ છોડો, માન છોડો, માયા છોડો આહાહા! છોડો..! સમજી ગયા! કેમ જાણે ગ્રહણ કર્યું હોય ને ઘૂસી ગયો હોય, આત્મામાં ક્રોધ, આહાહા! ક્રોધ આત્મામાં ઘૂસી ગયો છે માટે દુઃખી થાય છે માટે ઈ ક્રોધને છોડો તો ધર્મ થાય.

આત્મા 'અપોહક' છે. ક્રોધના અભાવ સ્વભાવે આત્મા રહેલો છે. આહા! ત્યાગ-ઉપાદાન શૂન્યત્વ શક્તિ છે. ગ્રહણ અને ત્યાગ આત્માના સ્વભાવમાં નથી. **પણ**, હવે કહે છે કે આ **સુલભ છે.** હવે, દુર્લભની વાત કરે છે, **પણ નિર્મળ ભેદજ્ઞાનરૂપ પ્રકાશથી,** નિર્મળ કેમ શબ્દ વાપર્યો? શુદ્ધાત્માનો જે અનુભવ થાય એનું નામ ભેદજ્ઞાન છે. રાગથી ભિન્ન પ્રત્યક્ષ શુદ્ધાત્માનો અનુભવ થવો તેનું નામ નિર્મળ ભેદજ્ઞાન છે. નિશ્ચય ભેદજ્ઞાનની વાત કરી.

**નિર્મળ ભેદજ્ઞાનરૂપ પ્રકાશથી સ્પષ્ટ ભિન્ન દેખવામાં આવે છે.** ગૃહસ્થ અવસ્થામાં રાગથી ભિન્ન સ્પષ્ટ પ્રત્યક્ષ, રાગથી મારો આત્મા ભિન્ન છે- એવો પ્રત્યક્ષ અનુભવ થાય છે. દુઃખથી મારો આત્મા ભિન્ન છે. દુઃખ વખતે દુઃખથી ભિન્નતાનું ભાન થઈ જાય છે. દુઃખ ટળે તો દુઃખથી ભિન્ન છે- એમ નથી. દુઃખથી રહિત જ છે આત્મા. એટલે દુઃખથી રહિત છે એટલે દુઃખથી ભિન્ન આત્માની ઉપલબ્ધી થઈ શકે છે, એમ. રાગ, દ્વેષ, સુખ-દુઃખના પરિણામ અભૂતાર્થ હોવાથી અનુભૂતિ થઈ શકે છે. ભલે રહ્યા.

મુમુક્ષુઃ- મારામાં નથી ને!

ઉત્તરઃ- મારામાં નથી, બસ. સ્વભાવ અને વિભાવનું ભેદજ્ઞાન મૂળ છે. ઝળકે છે પણ એ રાગ આત્મામાં આવતો નથી. દુઃખ ઝળકે છે પણ દુઃખ આત્મામાં પ્રવેશ કરતું નથી, આહાહા! સ્પષ્ટ ભિન્ન, એમ. પ્રત્યક્ષ ભિન્ન. પરોક્ષ ભિન્ન નહીં. અનુભવના કાળમાં પ્રત્યક્ષ ભિન્નતા થાય છે. એમ. **નિર્મળ ભેદજ્ઞાનરૂપ પ્રકાશથી સ્પષ્ટ ભિન્ન દેખવામાં આવે છે એવું...** એવું, **આ ભિન્ન આત્માનું એકપણું જ - જે સદા પ્રગટપણે અંતરંગમાં પ્રકાશમાન છે** આહાહા! એક શુદ્ધાત્મા ચિદાનંદ આત્મા એક જ્ઞાયકભાવ, સદા ભિન્નપણે રહેલો છે, એમ. સદા અત્યન્ત ભિન્નપણે રહેલો, સર્વથા ભિન્નપણે રહેલો છે. રાગ-દ્વેષ, સુખ-દુઃખની સાથે કથંચિત્ત ભિન્ન-અભિન્ન એવો પ્રકાર નથી.

મુમુક્ષુઃ- નથી. બરાબર.

ઉત્તરઃ- ભેદજ્ઞાન પહેલાંય ભિન્નતા રહેલી છે. અને ભિન્નતાનું ભાન થવું તેનું નામ ભેદજ્ઞાન સાચું, નિર્મળ અનુભુતિ છે. ભિન્ન છે એટલે ભિન્નના દર્શન થાય છે. આબાળગોપાળ સૌને અનુભવમાં

આવે છે. **અંતરંગમાં પ્રકાશમાન છે તોપણ કષાયચક્ર સાથે એકરૂપ જેવું કરવામાં આવતું હોવાથી** એટલે માનવામાં આવતું હોવાથી. છે તો કષાય અને ભગવાનઆત્મા ભિન્ન, પણ ભેદજ્ઞાનનો અભાવ છે તેથી જાણે હું કષાયી-રાગી થઇ ગયો, એમ એની સાથે એકત્વપણું માને છે. એકરૂપ જેવું કરવામાં આવે છે. એકરૂપ થતું નથી.

જ્ઞાન અને રાગ છે તો ભિન્ન જ, પણ જાણે એ એક અભિન્ન જ હોય. અભિન્નનું કારણ પણ ક્રોધનો પ્રતિભાસ છે. ક્રોધનો પ્રતિભાસ દેખીને ક્રોધ જાણે મારામાં થયો.... ક્રોધનો માત્ર પ્રતિભાસ છે. અને એ પ્રતિભાસ થાય છે ઈ ભિન્નનો પ્રતિભાસ થાય છે. ક્રોધ ભિન્ન છે. ક્રોધ જ્ઞાનમાં જણાય છે એ વખતે, આહાહા! જેમાં જણાય છે ઈ જ્ઞેયાકાર જ્ઞાનની અવસ્થા તો મારી છે ને ક્રોધ તો જ્ઞેય છે, ભિન્ન છે, નિમિત્તભૂત જ્ઞેય છે. આહાહા! તો તો ભેદજ્ઞાન થઇ જાય. પણ ક્રોધનો પ્રતિભાસ દેખીને ક્રોધ મારામાં આવી ગયો.

મુમુક્ષુઃ- ઈ ભ્રાંતિ થઇ ગઈ.

ઉત્તરઃ- ભ્રાંતિ થઇ ગઈ બસ. સ્ફટિકમણીમાં લાલ ફૂલની ઝાંઈનો પ્રતિભાસ દેખીને સ્ફટિકમણી લાલ થઈ ગયું. સ્ફટિકમણી લાલ થયું હોય ને લાલ માને તો તો સાચી વાત છે. પણ લાલ થયું નથી, લાલપણું તો ફૂલમાં છે અને સ્વચ્છતા તો સ્ફટિકમણીની છે. એમ જ્ઞાનની સ્વચ્છતા છે અને ક્રોધની તો એ જ્ઞેયભૂત છે, બહારનો પદાર્થ છે, મલિનભાવ. સ્વચ્છ અને મલિન- બે તત્ત્વ ભિન્ન-ભિન્ન છે. **એક જેવું કરવામાં આવતું હોવાથી,** એટલે માનવામાં આવતું હોવાથી, એકપણાની માન્યતા થઈ ગઈ છે. **અત્યન્ત તિરોભાવ પામ્યું છે,** શું કહે છે? **જે સદા પ્રગટપણે અંતરંગમાં પ્રકાશમાન છે તોપણ,** જે ભગવાન આત્મા હાજરાહજૂર છે તો પણ, એના ઉપર લક્ષ નથી અને કષાય ઉપર લક્ષ છે, એટલે કષાયના લક્ષે જાણે હું કષાયી થઈ ગયો, દુઃખી થઈ ગયો, રાગી થઈ ગયો, મનુષ્ય થઈ ગયો. એમ અનંતકાળથી સ્વ અને પર(ના) ભેદજ્ઞાનના અભાવથી એકતા કરે છે. એકતા કરતો હોવાથી **અત્યંત તિરોભાવ પામ્યું છે** અભાવ થયો નથી.

મુમુક્ષુઃ- તિરોભાવ.

ઉત્તરઃ- છે તો ભગવાન આત્મા વર્તમાન મોજૂદ, એનું લક્ષ ક્રોધ ઉપર છે ત્યારે પણ. પણ એ પ્રગટ તિરોભાવ પામ્યું છે. આચ્છદિત થઈ ગયો છે. દ્રષ્ટિમાં આવતો નથી, ઓઝલ. છે છતાં દેખાતું નથી. સમુદ્રને કિનારે એક તરણું માત્ર આંખમાં આડું આવ્યું (તો) આખો સમુદ્ર તિરોભૂત થઇ ગયો. દેખાતો નથી. દેખાતો નથી એટલે સમુદ્ર નથી એમ નહીં, છે. તિરોભૂત એટલે એની નજરમાં એ વસ્તુ હોવા છતાં આવતી નથી એનું નામ તિરોભૂત થઈ ગયું.

અનુભવ થાય તો આવિર્ભાવ થાય. તિરોભાવ અને આવિર્ભાવ, એ જ્ઞાનની પર્યાયનું વિશેષણ છે. ભગવાન આત્મા તિરોભાવ થાય અને આવિર્ભાવ થયો એમ નથી. નહોતો જણાતો એનું નામ તિરોભાવ અને જણાવામાં આવ્યો તો આવિર્ભાવ. બસ એટલું જ છે. **અત્યંત તિરોભાવ પામ્યું છે (-ઢંકાઈ રહ્યું છે)**

આત્માનું સ્વરૂપ દેખાતું નથી, હોવા છતાં દેખાતું નથી. **તે**, હવે બે કારણ આપે છે. ઈ સદા અંતરંગમાં પ્રગટ છે ભગવાન આત્મા (તોપણ) દેખાતો નથી તિરોભૂત થઇ ગયો છે. એના બે કારણ

આપે છે. એક નિશ્ચયકારણ અને બીજું વ્યવહારકારણ. નિશ્ચયકારણ શું છે? **તે- પોતામાં અનાત્મજ્ઞપણું હોવાથી**, એટલે અનાત્માને આત્મા માનવાની ભૂલ પોતે કરે છે. ઈ ક્ષણિક ઉપાદાનની ભૂલ પોતાની છે. એ નિશ્ચયકારણ છે. અને આત્મજ્ઞાની ગુરૂની સંગતિ નથી કરી- એ વ્યવહારકારણ છે. બીજું કારણ, (**પોતે આત્માને નહિ જાણતો હોવાથી) પોતામાં અનાત્મજ્ઞપણું હોવાથી** એટલે આત્મા હોવા છતાં એના પ્રત્યે લક્ષ નહિ કરતો હોવાથી, એટલે એને નીગ્લેક્ટ કરતો હોવાથી.

**(પોતે આત્માને નહીં જાણતો હોવાથી)** એટલો અર્થ કર્યો. **અનાત્મજ્ઞપણું** એમ. અન-આત્મજ્ઞપણું. **(પોતે આત્માને નહીં જાણતો હોવાથી)**, પોતે પોતાને નહિ જાણતો હોવાથી- એ નિશ્ચય કારણ. એક સમયની પર્યાયની ભૂલ. એની યોગ્યતા. અજ્ઞાનની ઉત્પત્તિ કોઈ કર્મના ઉદયથી થઈ નથી. પોતે પોતાને ભૂલે છે.

મુમુક્ષુ:- અપને કો ભૂલ કર હેરાન હો ગયા..

ઉત્તર:- ઈ તમે ઓલૂ કવ્વાલીમાં (ગાવ છો) શરૂઆતમાં આવે છે બહુ સારું આવે છે.

મુમુક્ષુ:- ભૂલા હૈ સ્વયં આત્માકો..

ઉત્તર: હેં.. સ્વયં આત્મા કો ઈ..આ. ભૂલા હૈ સ્વયં આત્મા કો. પોતે પોતાને ભૂલી ગયો, બસ. એની ભૂલ કોઈ બીજે કરાવી નથી કોઈએ. ઈ મૂળ કારણ છે આ.

અને હવે, હવે નિમિત્તની પ્રધાનતાથી વાત કરે છે. **અને બીજા આત્માને જાણનારાઓની સંગતિ-સેવા નહીં કરી હોવાથી,** હવે જે આત્માનુભવી પુરુષ છે એની પાસે જો યોગ થાયને તો તો એને સ્વરૂપનો કાંઈક ખ્યાલ આપે. પોતે પોતાથી અજ્ઞાન છે અને જે જ્ઞાની છે એની પાસે જાતો નથી, એની વાત સાંભળતો નથી, દેશનાલબ્ધિ સાંભળતો નથી. બે કારણ છે. એક મૂળ કારણ અને બીજું ઉત્તર કારણ. મૂળ કારણ એટલે પર્યાયની યોગ્યતા.

**અને બીજા આત્માને જાણનારાઓની** આત્માને જાણનારાઓની **'સંગતિ-** સમાગમ **સેવા નહીં કરી હોવાથી,** સેવાનો અર્થ સમાગમ નથી, એનું નામ સેવા નથી કરી. સેવા નથી કરી એટલે પગ દાબતો નથી, એમ નહીં. એના સંગમાં જ આવતો નથી. એનાથી દૂર જ વર્તે છે. સમવશરણ હોય ને, સમવશરણ ભગવાનનું એમાંય કેટલાક ન જાય. એના ઘરના કુટુંબના પાંચ જાય ને પાંચ કહે અમારે આવવું નથી. બોલો! પોતે પોતાથી આત્મજ્ઞાન ન કર્યું ને તીર્થંકરનું સમોશરણ આવ્યું એમાં પણ ન ગયો, એમ. આડોળાઈ કરીને અનંતકાળથી.

**સંગતિ-સેવા નહીં કરી હોવાથી, નથી પૂર્વે** આહાહા! **કદી સાંભળવામાં આવ્યું,** પણ તીર્થંકરની સભામાં ગયો હતો ને! રુચિપૂર્વક સાંભળ્યું નથી. આ કાનેથી સાંભળ્યું અને આ કાનેથી કાઢ્યું. વિષય સેવવા ગયો હતો ઈ, વિષયનું સેવન કરવા ગયો હતો. શ્રોત્ર ઈન્દ્રિયનો જે વિષય છે, શબ્દની પર્યાય, જેમકે કોઈ ભજન, કિર્તન કોઈ... દાખલા તરીકે સિનેમાનું આવે. શું કહેવાય એને? ગાયન, ઈ સાંભળે છેને - ઈ વિષયને સેવ્યો એણે. એમ આ તીર્થંકરની સભામાં આને (કર્ણેન્દ્રિયને) પોષી. ઇન્દ્રિયજ્ઞાનને પોષવા ગયો હતો ઈ. ગમે,.. રૂડું લાગે.. એનો અતિશય ઈ પ્રકારનો, શાંતિ લાગે.., સમજી ગયા? ઇન્દ્રિયના વિષયને પોષ્યો એણે.

આ ઇન્દ્રયજ્ઞાનથી સાંભળવું મારો સ્વભાવ નથી- એ ખ્યાલમાં ન આવ્યું. મને કાન નથી ને ભાવ ઈન્દ્રિયનો પણ મારામાં અભાવ છે. એટલે ભાવ ઇન્દ્રિય વડે હું દ્રવ્યશ્રુતને સાંભળું એ મારો સ્વભાવ નથી. આહાહા! કાન નથી માટે સાંભળતો નથી, આંખ નથી માટે દેખતો નથી, નાક નથી માટે સૂંઘતો નથી, જીભ નથી માટે સ્વાદને ચાખતો નથી અને ચામડી નથી મને એટલે સ્પર્શ કરી શકતો નથી કોઈ પદાર્થને, આહાહા! ઈ વિષયને સેવવા ગયો હતો. **નથી પૂર્વે કદી સાંભળવામાં આવ્યું**, હોં! પૂર્વકાળની વાત કરે છે. અનંત-અનંતકાળ ગયો કદી સાંભળવામાં આવ્યું નથી.

રાગથી આત્મા ભિન્ન છે એ વાત જીવોએ સાંભળી નથી. દુઃખના કાળે દુઃખનો ભોક્તા નથી આત્મા એ વાત સાંભળી નથી. નવું આયુષ્ય બંધાય ત્યારે નવું આયુષ્યના કર્મને બાંધનારો આત્મા નથી. અને બંધાય એમાં નિમિત્તપણું પણ આત્માનું નથી. એવી વાત એણે સાંભળી નથી. આહાહા!

**નથી પૂર્વે કદી પરિચયમાં આવ્યું** આ આત્મતત્વ પરિચયમાં અનુભવમાં આવ્યું નથી. **અને નથી કદી પૂર્વે અનુભવમાં આવ્યું**. આત્માનું સ્વરૂપ અનુભવમાં આવ્યું નથી. કરવું ને ભોગવવું, કરવું ને ભોગવવું. કરવું, કાંઈક કરવું તો જોઈએ ને? પુરુષાર્થ તો કરવો જોઈએ ને? આહાહા! પણ આત્માને જાણવો, અનુભવવો, એ જ સમ્યક પુરુષાર્થ છે.

એ જયપુરના વિદ્વાને પૂછ્યું હતું, વિદ્યાર્થી હતો બિચારો, પુરુષાર્થની વ્યાખ્યા શું? અહીંયા. મેં કહ્યું શુદ્ધાત્માને લક્ષમાં લઈને એને અનુભવવો એનું નામ પુરુષાર્થ કહેવાય. **તેથી ભિન્ન આત્માનું એકપણું સુલભ નથી. આવ્યું** હતું ને મૂળ.. "**ण सुलहो विहत्तस्स**" ગુરૂદેવ આ વાક્ય બોલે છે. સુલભ નથી. પુણ્ય-પાપથી ભિન્ન આત્મા છે એ વાત પ્રગટ થવી, પ્રાપ્ત થવી અસાધારણ છે, સુલભ નથી. અશક્ય નથી. '**સુલભ નથી**' શબ્દ વાપર્યો એટલે દુર્લભ છે, દુર્લભ છે.

મુમુક્ષુ:- અલભ્ય નથી.

ઉત્તર:- અલભ્ય નથી, લભ્ય છે.

**ભાવાર્થ:- આ લોકમાં સર્વ જીવો સંસારરૂપી ચક્રપર ચડી પાંચ પરાવર્તનરૂપ ભ્રમણ કરે છે. ત્યાં તેમને મોહકર્મના ઉદયરૂપ પિશાચ ધોંસરે જોડે છે,** ભૂત આવ્યું હતું ને ભૂતડું..આ ઈ. 'પિશાચ' એની ઉપમા આપીએ છીએ. **તેથી તેઓ વિષયોની તૃષ્ણારૂપ દાહથી પીડિત થાય છે.** વિષયોને જાણવાની ઈચ્છા થયા જ કરે છે. આ વિષય અને કષાયની વ્યાખ્યા કરી છે મોક્ષમાર્ગ પ્રકાશકમાં; વિષય એટલે પરને જાણવાની ઈચ્છા. કષાય એટલે કષાય અનુસાર કરવાની ઈચ્છા. વિષય અને કષાય. જાણવાની ઈચ્છા અને કરવાની ઈચ્છા. જાણવાની ઈચ્છા થાય છે એ વિષય સેવે છે અને કરવાની ઈચ્છા થાય છે ઈ કષાયને સેવે છે. વિષય-કષાયની વ્યાખ્યા બહુ સુંદર કરી છે.

જયસેનાચાર્ય ભગવાન વિષય-કષાય શબ્દ બહુ વાપરે છે અવાર નવાર. **તેથી તેઓ વિષયોની તૃષ્ણારૂપ દાહથી પીડિત થાય છે અને તે દાહનો ઇલાજ ઇન્દ્રિયોના રૂપાદિ વિષયોને જાણીને...**' જુઓ! ચોખ્ખું કર્યું આ, **તેથી તેઓ... તેથી... ઇલાજ ઇન્દ્રિયોના રૂપાદિ** સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દ. **રૂપાદિ વિષયોને જાણીને તે પર દોડે છે;** આહાહા! એમાં જોડાય જાય છે. ઉપયોગ એમાં જોડાય છે. ઉપયોગ આત્મામાં જોડાવો જોઈએ એના બદલે પરના લક્ષમાં વયું ગયું આહાહા! માટે જાણનારો જણાય છે, ખરેખર પર જણાતું નથી- એમાં વિષયની જીતવાની વાત છે.

મુમુક્ષુ:- જીતવાની વાત છે.

ઉત્તર: આત્મા ખરેખર પરને જાણતો નથી- એમાં વિષયોને જીતવાનો બોધ સમાયેલો છે.

મુમુક્ષુ:- હા જી! બરાબર છે.

ઉત્તર:- અને ખરેખર આત્મા અકર્તા છે, માટે કર્તા નથી- એ કષાય જીતવાનો બોધ છે. વિષય અને કષાય જીત્યા વિના સમ્યક્દર્શન થાય જ નહીં. અને પછી અસ્થિરતાનો વિષય અને કષાય ઈ કર્તાના કર્મમાં ન જાય પણ જ્ઞાતાના, જ્ઞાનમાં જ્ઞેયમાં વયું (ચાલ્યું) જાય છે. પછી અસ્થિરતાથી શાસ્ત્ર સાંભળવાની ઈચ્છા થાય, પ્રતિમાના દર્શન કરવાની ઈચ્છા થાય છે. પણ અજ્ઞાનમય ઈચ્છાનો અભાવ છે. મંદિરે જઈને દર્શન કરવાની ઈચ્છા થઈ એ વિષય છે. છૂટ નથી એની.

મુમુક્ષુ:-નહીં નહીં.

ઉત્તર:- પણ, ટકાતું નથી સાધકને તો એ પ્રકારની અસ્થિરતાની ઈચ્છા ઉત્પન્ન થાય છે. અબુધ્દ્ધિ પૂર્વક ઈચ્છા ઉત્પન્ન થાય છે. બુધ્દ્ધિપૂર્વક નથી. એ એકત્વબુધ્દ્ધિ નથી.

મુમુક્ષુ:- હા, એટલે અબુધ્દ્ધિપૂર્વક.

ઉત્તર:- એટલે અબુધ્દ્ધિપૂર્વક કહેવાય એમ. પોતે ઈચ્છાને જાણે છે પણ એ ઈચ્છાની ઈચ્છા નથી. એનાથી મને લાભ થશે, હું મંદિરે જાઉં તો મને ધર્મ થાય એ બુધ્દ્ધિ મિથ્યાત્વ ચાલી ગઈ. અંદર સ્વરૂપમાં ટકાતું નથી અને હજી ઇન્દ્રિયજ્ઞાનને..., ઇન્દ્રિયજ્ઞાનને જીતી લીધું છે એટલે ઇન્દ્રિયજ્ઞાનનું સ્વામીપણું છૂટી ગયું પણ ઇન્દ્રિયજ્ઞાન છૂટ્યું નથી હજી. એટલે એ ઇન્દ્રિયજ્ઞાન એના ચાળા કરે છે.

અનાદિકાળની ભેદવાસિત બુધ્દ્ધિ છે ને હજી. ક્ષાયિક કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી આમ થયા કરે. આહાહા! પરને જાણવાની ઈચ્છા થાય છે એ વિષય છે, એમાં છેતરાણો. પરને હું જાણતો નથી એમાં વિષયો જીતાય જશે અને હું પરનો કર્તા નથી એમાં કષાય જીતાય જશે. આ વિષય અને કષાયને જીતવાની ચાવી ને કળા છે, બેન!

મુમુક્ષુ:- આ મંત્ર છે વિષય ને કષાય ને જીતવાનો.

ઉત્તર :- જીતવાનો મંત્ર છે. આ મંત્ર જે છે ઈ સ્ટીકરમાં લખેલો છે.

મુમુક્ષુ:- હાં સુવર્ણ અક્ષરમાં લખેલું છે.

ઉત્તર:- સુવર્ણ અક્ષરે લખેલું છે. "હું જાણનાર છું ને કરનાર નથી" એમાં કષાય જીતાય જાય છે. અને "ખરેખર જાણનાર જણાય છે અને ખરેખર પર જણાતું નથી", એમાં વિષય જીતાય જાય છે. આહાહા! આ બે વાત જ છે. આ બે જ વાત છે. અનાદિની આ બે વાત છે. શાસ્ત્રનો આધાર મળ્યોને! વિષય ને કષાયને જીતો. પરને જાણતો નથી એમાં વિષય જીતાય જાય છે. પરનો હું કર્તા નથી, રાગનો કર્તા નથી એમાં કષાય જીતાય જાય છે. આહાહા!

મુમુક્ષુ:- બરાબર, બહુ સરસ. એકદમ સહી બાત હૈ.

ઉત્તર:-અને વિષયને જીત્યા સિવાય અનુભવ થાય નહીં.

મુમુક્ષુ:- થાય નહીં.

ઉત્તર:- અને કષાયને જીત્યા વિના અનુભવ થાય નહીં. એને જીતવાના બે પ્રકાર છે.

આહાહા!

મુમુક્ષુ:- પરને જાણવાનું બંધ નહીં કરે ત્યાં સુધી અનુભવ નહીં થાય.

ઉત્તર:-હાં.. ત્યાં સુધી એ વિષય નહીં અટકે. અને કરવાનો અભિપ્રાય નહીં છૂટે ત્યાં સુધી કષાય નહીં છૂટે. કરવાનો અભિપ્રાય છૂટતા કષાયનો અભાવ થઈ જાય છે. પછી કષાય થાય છે, આહાહા! ઈ તો એનો જ્ઞાતા રહે છે, એનો કર્તા બનતો નથી. રાગી તો પુદ્ગલ છે. આહાહા! આ વિષય-કષાયને જીતવાનું સ્ટીકરમાંથી નીકળું લ્યો..હેં. એ સ્ટીકરમાં બે જ મંત્ર છે.

મુમુક્ષુ:- બે જ મંત્ર છે.

ઉત્તર:- વિષયને જીતવો ને કષાયને જીતવો.

મુમુક્ષુ :- વિષય-કષાયને જીતવો એ જ ધર્મ છે.

ઉત્તર:- હાં...જાણનાર જણાય છે ખરેખર પર જણાતું નથી એમાં વિષય જીતાય જાય છે.

મુમુક્ષુ:- બરાબર.

ઉત્તર:- અને, જાણનાર છું ને કરનાર નથી. આહાહા! એકમાં જીવનું ખરું સ્વરૂપ લક્ષમાં આવે છે અને જે ખરું સ્વરૂપ લક્ષમાં આવ્યું ઈ અનુભવમાં આવે છે. એટલે સંવર થાય છે.

મુમુક્ષુ:- સંવર થાય છે.

ઉત્તર:- જાણનાર છું ને કરનાર નથી એ દ્રવ્યનો નિશ્ચય છે. જાણનાર જણાય છે ખરેખર પર જણાતું નથી.- એ જ્ઞાનની પર્યાયનો નિશ્ચય છે. બે વાત આગમથી પ્રસિદ્ધ છે. આહાહા!

**ઇન્દ્રિયોના રૂપાદિ વિષયોને જાણીને** એમાંથી આ નીકળ્યું બધું. જાણવાની ઈચ્છા. **તે પર દોડે છે; તથા પરસ્પર પણ વિષયોનો જ ઉપદેશ કરે છે.** આહાહા! આત્મા જાણનાર છે. પરને જાણવું તો જોઈએ ને? જાણવું તો સ્વભાવ છે! આહાહા! એ વિષયોથી વ્યાવૃત્ત થતો નથી. આહાહા! વિષયોને જીતી શકાતું નથી એમાં. બહુ ભર્યું છે હો!

**પરસ્પર પણ વિષયોનો જ ઉપદેશ કરે છે.** એમ. કે જાણવું તો જોઈએ ને! જાણેલો તો પ્રયોજનવાન છે ને! પર્યાય તો છે ને! પર્યાય અવસ્તુ થોડી છે, જાણવી તો જોઈએ ને! સમજાણું? આહાહા! એ વિષયને જીતી શકતો નથી. વિષયને આધીન થયેલો બાવળો છે, વિષયને આધીન થયેલો, જાણવાના બહાના નીચે બાવળો, ને કરવાના બહાના નીચે પણ બાવળો થઈ ગયો છે, ઘેલો મૂર્ખ, મૂઢ છે, મોહી છે, અજ્ઞાની છે.

**आत्मा ज्ञानं स्वयं ज्ञानं ज्ञानादन्यत्करोति किम् ।**
**परभावस्य कर्तात्मा मोहोऽयं व्यवहारिणाम् ।।६२।।**

- એમાં એમ લખ્યું છે કે 'હું પરભાવને કરૂં છું (એમ માને) એ જીવ મૂઢ છે, મોહી છે, અજ્ઞાની છે'. ત્રણ શબ્દ વાપર્યા છે. કરું છું ને જાણું છું, બેય સમાન દોષ છે.

મુમુક્ષુ:- બરાબર, એકદમ બરાબર.

ઉત્તર:- આહાહા! કે નૈમિત્તિકભૂત તારું જ્ઞાન જણાય છે. ક્રોધ તને જણાતો નથી. ક્રોધ તો ભિન્ન છે, તને ક્યાંથી જણાય? એમાં તન્મય થતો નથી તું. આહાહા! નૈમિત્તિકભૂત જ્ઞાનમાં તન્મય થયો એટલે આત્માને જાણતાં ક્રોધ ભિન્ન છે એમ જણાય. જ્ઞાન ને જાણતાં જ્ઞેય ભિન્ન છે એમ

જણાશે. જ્ઞાન ઉપર નજર રાખતાં નૈમિત્તિક જ્ઞાનની પર્યાય ને જાણતાં નિમિત્તભૂત જ્ઞેય ભિન્ન છે એમ તને જણાશે.

મુમુક્ષુ:- બરાબર એકદમ બરાબર.

મુમુક્ષુ:- જેમ જ્ઞાનને જાણતા, જ્ઞાની અભિન્નપણે જણાય છે એમ જ્ઞાનને જાણતા બધા જ્ઞેયો- ક્રોધાદિ ભિન્ન છે, એમ જણાય છે.

ઉત્તર:- એમ જણાય છે. લોકાલોક ભિન્ન છે એમ જણાઇ જાય છે તને. આહાહા! સ્વરૂપને છોડ્યા વિના અને પરપદાર્થનું લક્ષ કર્યા વિના પરપદાર્થ જણાય. એનું નામ ઈ જ્ઞાતા થયો કહેવાય. પરપદાર્થના લક્ષે જ્ઞાતા ન થવાય.

મુમુક્ષુ:- ન થવાય.

ઉત્તર:- એ તો વિષય-કષાયની પ્રવૃત્તિ થઈ એમાં. એમાં જ્ઞાતા ક્યાં થયો? આહા! સંતોના બે શબ્દો, વિષય અને કષાય, એ મોરબી અમે ગયા હતા ત્યારે બહુ એની ચર્ચા કરી. અહીંયા મૂળ તો હું સ્વાધ્યાય કરતો હતો. સ્વાધ્યાય કરતાં વિષય-કષાયનો બહુ વિચાર આવ્યો. ઓહોહો! આ સુંદર વાત કરી છે. ઈ મોરબીમાં ખૂબ એનું સ્પષ્ટીકરણ કર્યું. ઘણા વર્ષ પહેલાની વાત છે. વિષય અને કષાયનું સ્પષ્ટીકરણ. ઈ આજે ફરીથી યાદ આવ્યું. સ્મરણ થયું પાછું.

મુમુક્ષુ:- સૂત્રમાં ઘટાવ્યું.

મુમુક્ષુ:- હું જાણનાર છું કરનાર નથી. જાણનારો જણાય છે, પર જણાતું નથી. એમાં ઘટાવ્યું વિષય-કષાય ને.

ઉત્તર:- હાં, એમા જ.

મુમુક્ષુ:- એમાંથી નીકળ્યું આ.

ઉત્તર:- એમાંથી જ નીકળ્યું. ઈ મંત્રમાં જ છે બે વાત. કે હું પરને જાણતો નથી, એમાં વિષય જીતાય જશે અને કરતો નથી એમાં કષાય જીતાય જશે. મોહ જીતાય જશે. એમાં મોહના નાશનો ઉપાય છે.

**એ રીતે, એ રીતે કામ** એટલે **(વિષયોની ઈચ્છા)** જાણવાની ઈચ્છા, વિષયોને જાણવાની ઈચ્છા એનું નામ કામ છે. **તથા ભોગ** એટલે **તેમને**- વિષયોને ભોગવવાની ઈચ્છા. બેયમાં ઈચ્છા લેવી. જાણવાની ઈચ્છા અને ભોગવવાની ઈચ્છા એમ. **એ બેની કથા તો** આહાહા! અનંતવાર બે નો ભાવ.. **અનંતવાર સાંભળી, પરિચયમાં લીધી અને અનુભવી તેથી સુલભ છે.**

**પણ સર્વ પરદ્રવ્યોથી ભિન્ન** આહાહા! પર્યાય માત્ર પરદ્રવ્ય એનાથી ભિન્ન છે આત્મા, ઈ પરદ્રવ્ય છે. એનાથી ભિન્ન **એક ચૈતન્યચમત્કારસ્વરૂપ પોતાના આત્માની કથાનું જ્ઞાન** એટલે ભાવનું જ્ઞાન. **પોતાને તો પોતાથી કદી થયું નહીં,** પૂર્વની વાત કરે છે ને! **અને જેમને તે જ્ઞાન થયું હતું** પરથી ભિન્ન આત્માનો અનુભવ **તેમની સેવા કદી કરી નહીં;** સેવા એટલે પરિચય કર્યો નહીં અને એના ઉપર શ્રદ્ધા રાખીને સાંભળ્યું નહીં. ઈ એના ઉપર શ્રદ્ધા રાખેને ત્યારે એને નિમિત્ત કહેવાય. ત્યારે એની યોગ્યતાનો પલટો એ પ્રકારનો સહજ આવે છે.

શ્રદ્ધાપૂર્વક સાંભળે છે ને? એમાં આના (આત્મા) ઉપર વિશ્વાસ રાખીને સાંભળે છે ને? એના

ઉપર વિશ્વાસ ઈ ઇન્ડાયરેક્ટ આત્મા ઉપર વિશ્વાસ કર્યો એણે. સર્વજ્ઞ ઉપર વિશ્વાસ ઈ (પોતાના) આત્મા ઉપર વિશ્વાસ, જ્ઞાની ઉપર વિશ્વાસ ઈ પોતાના આત્મા ઉપર વિશ્વાસ આવ્યો. એક વાર પરીક્ષા કરજે કે આ જ્ઞાની છે કે નહીં ? પરીક્ષા કરવાની છૂટ છે. એકવાર પરીક્ષા થઈ જાય (કે) આ જ્ઞાની છે, બસ. પછી શંકા-આશંકા ન હોય. આહાહા!

જ્ઞાની પ્રત્યેની નિશંકતા એક મોટો અપેક્ષિત ગુણ છે. છે વ્યવહાર પણ નિશ્ચયને અનુકૂળ વ્યવહાર છે. અત્યારે આ કાળમાં એવા શ્રદ્ધાળુ જીવો ઓછા છે. અણીશુદ્ધ. **પણ સર્વ પરદ્રવ્યોથી ભિન્ન એક ચૈતન્યચમત્કારસ્વરૂપ પોતાના આત્માની કથાનું જ્ઞાન પોતાને તો પોતાથી કદી થયું નહિ, અને જેમને તે જ્ઞાન થયું હતું તેમની સેવા કદી કરી નહિ;** એનો પરિચય ન કર્યો, એમ. સમાગમ ન કર્યો.

શ્રીમદ્જીએ સત્ સમાગમ ઉપર બહુ ભાર આપ્યો છે. સત્ સમાગમના બે પ્રકાર. સત્ ચિત્ આત્મા છે એનો સમાગમ કર્યો નથી, નિશ્ચય અને જેને આત્મા જાણ્યો એનો પણ પરિચય કર્યો નહિ, એ વ્યવહાર. **તેથી તેની કથા (વાત) ન કદી સાંભળી, ન તેનો પરિચય કર્યો કે ન તેનો અનુભવ થયો. માટે તેની પ્રાપ્તિ સુલભ નથી, દુર્લભ છે.** આહાહા!

હવે કહે છે કે ઈ સુલભ નથી, દુર્લભ છે. પણ હું એવા એકત્વ આત્માની વાત તમને કહીશ. **હવે આચાર્ય ભગવાન કહે છે કે, તેથી જ** તેને પરિચય નથી, સાંભળ્યું નથી, અનુભવ નથી. **તેથી જ, જીવોને તે ભિન્ન આત્માનું એકત્વ** એટલે એકપણું **અમે દર્શાવીએ છીએ:-** આમાં એકત્વને દર્શાવીએ છીએ એમ કહ્યું. પછી એકત્વ-વિભક્ત શબ્દ ઉમેરશે. અત્યારે તો મેં એકત્વ દર્શાવ્યું.

મુમુક્ષુ:- એકત્વની ઉપલબ્ધી સુલભ નથી ને?.

ઉત્તર:- સુલભ નહીં. લખ્યું છે ને ઉપર. નીચે લખ્યું છે, **દર્શાવું એક વિભક્ત એ** જે અંદર છે એ જ એનું મથાળું બાંધ્યું:

**દર્શાવું એક વિભક્ત એ, આત્મા તણા નિજ વિભવથી;**
**દર્શાવું તો કરજો પ્રમાણ, ન દોષ ગ્રહ સ્ખલના યદિ.૫**

એકત્વ આત્માને બતાવવાનો મેં વ્યવસાય કર્યો છે. આહાહા..! હવે ધીમે, ધીમે, ધીમે, ધીમે, ધીમે ચડતી દશાથી, હવે આવે છે. સમયસાર શરૂ થવાનું છે. એની પૂર્વ ભૂમિકા બાંધે છે. હું શું દર્શાવીશ? કે એકત્વ આત્માને દર્શાવીશ. આમાં એકલો હું એક વિભક્ત એમ. વિભક્ત એટલે જુદો, એવા આત્માની વાત હું દર્શાવીશ. પછી અસ્તિ-નાસ્તિથી બે વાત, એકત્વ અને વિભક્તની વાત કરશે. એ છઠ્ઠી ગાથામાં આવશે.

પાંચમી ગાથામાં આવ્યું, લ્યો! એકત્વ વિભક્ત. જુઓ! બેન! આમાં, ઓલામાં નથી. હરિગીતમાં નથી. હરિગીતમાં નથી આ. ઓમાં છે. અન્વયાર્થમાં છે. જુઓ! પાંચમી ગાથામાં તે **तं एयत्तविहत्तं** સંસ્કૃતમાં છે. સંસ્કૃતમાં છે જુઓ.

મુમુક્ષુ:- છે ને!

ઉત્તર:- છે. **तं एयत्तविहत्तं** એકત્વ ને વિભક્ત શબ્દ પડ્યો છે.

મુમુક્ષુ:- એમાં હરિગીતમાં છે ને, હરિગીતમાં પણ છે ભાઈ, એક વિભક્ત એટલે એકત્વ.

ઉત્તર:- હાં ઠીક છે. એક એટલે એકત્વ બરાબર છે. પણ આ શબ્દ બહુ સારો છે.

મુમુક્ષુ:- બહુ સારો છે.

ઉત્તર:- આ શબ્દ બહુ સારો છે. એકત્વ અને વિભક્ત, એ સ્પષ્ટ છે બેય.

મુમુક્ષુ:- સંસ્કૃતની ગાથામાં પણ છે.

ઉત્તર:- આમાં જુઓ **तं एयत्तविहत्तं** સંસ્કૃતનો હું ગાથાનો અર્થ કરું છું. **અર્થ**, ટીકા પહેલા. ટીકા પહેલા '**तम्**' એટલે તે. **એકત્વ-વિભક્તમ.** એકત્વ-વિભક્ત આત્માને, એમ. ભેદજ્ઞાન શરૂ થયું અહીંયાથી. હું એકત્વ-વિભક્ત આત્માને કહીશ. એકત્વની સિદ્ધિ વિભક્તથી થાય છે. અસ્તિ-નાસ્તિ અનેકાંત, આ અનેકાંતનું સ્વરૂપ છે. આ નય સપ્તભંગી છે આ. ફૂલચંદજી સિદ્ધાંત શાસ્ત્રીએ આનો ખુલાસો સારો કર્યો છે. એનું નયચક્ર છે નાનું.

મુમુક્ષુ:- જૈનતત્વ મીમાંસામાં છે.

ઉત્તર:- જૈન તત્વ મીમાંસામાં! સમજી ગયા? એક પ્રમાણ સપ્તભંગી જુદી ને નય સપ્તભંગી જુદી. અને આચાર્ય ભગવાને અહીંયા નય સપ્તભંગીથી વાત શરૂ કરી છે. નય સપ્તભંગીમાં અનંત ગુણોથી એકપણું અને અનંત પર્યાયથી વિભક્તપણું. કોઈ પર્યાય બાકી નહીં. કેમકે શ્રદ્ધાનો વિષય આપવો છે. જ્ઞાનના વિષય સુધી આવ્યો અને પ્રમાણ સપ્તભંગી સુધી આવ્યો કે સ્વ-દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ એમાં પર-દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ભાવની નાસ્તિ. એટલે અહીંયા દ્રવ્ય-ગુણ-પર્યાય આવ્યું પણ એ શ્રદ્ધાનો વિષય નથી, જ્ઞાનનો વિષય છે. અને જ્ઞાનના વિષયમાંથી શ્રદ્ધાનો વિષય કાઢવો જોઈએ. એટલે પ્રમાણમાંથી જે નિશ્ચયનય કાઢે છે તે જિનવચનમાં (કુશળ છે) ઈ આ વાત આવી.

હવે આપણે ગહેરાઈમાં આવી રહ્યા છીએ. હવે આ સમયસારની જે ગહેરાઈ છે એમાં આપણે આવી ગયા છીએ, સમજી ગયા? અત્યાર સુધી એ પ્રમાણનું દ્રવ્ય આપ્યું એણે, સાત બોલથી પ્રમાણનું દ્રવ્ય આપ્યું. ઈ જ્ઞેયપ્રધાન કથન છે. જ્ઞાનપ્રધાન કથન છે. પ્રમાણજ્ઞાનનો વિષય આવ્યો. પ્રમાણજ્ઞાનના વિષયમાં દ્રવ્ય-પર્યાય બેય છે. કર્મ ને નોકર્મ એ તો તદ્દન ભિન્ન છે, સમજી ગયા? હવે પ્રમાણ જ્ઞાનના વિષયમાં પણ નિર્વિકારી ને વિકારી બે પર્યાય લીધી. કેમ કે આગળ કહ્યું છે કે આવો આત્માને અનાદિકાળથી અનુભવ નથી. બંધની કથા એણે જાણી છે. એટલે એ પણ પ્રમત્ત અને અપ્રમત્ત બેય લઈ લેશે. વિકાર-અવિકારથી રહિત, એમ.

જુઓ! **એકત્વવિભક્ત આત્માને** - સ્વથી એકત્વ અને પરથી વિભક્ત (અર્થાત્) જુદો. બીજી રીતે કહીએ તો સ્વદ્રવ્ય અને પરદ્રવ્યની ભિન્નતા. **હું આત્માના નિજ વૈભવ વડે દેખાડું છું;** દાંડી પીટીને કહે છે કે મેં આત્માને જોયો છે, દર્શન કર્યા છે અને આત્મા ઉપર લક્ષ રાખીને હું આત્માની વાત કરું છું. પોતે પોતાના અનુભવની સાક્ષી આપી. મેં સાંભળ્યું છે અને શાસ્ત્ર લખું છું, એમ ન કહેતાં... પછી પોતે ટીકાકાર કહેશે વ્યવહારની વાત.

પોતે તો નિશ્ચયનો ધડાકો કર્યો. મને આત્માનો અનુભવ થઈ ગયો છે. બેન, પોતે ધડાકો કર્યો. નિજ વૈભવથી હું કહું છું. આત્માનું સ્વરૂપ મેં પ્રત્યક્ષ અનુભવ્યું છે, અનુભવી રહ્યો છું, અનુભવ મને ચાલુ છે, એમ કહે છે. ચાલુ અનુભવે મારી કલમ ચાલે છે. એમ કહે છે.

મુમુક્ષુ:- એકદમ સહી, બહુ સરસ!

ઉત્તર:- સીધી નિશ્ચયની જ વાત કરી. મેં સર્વજ્ઞની પરંપરામાં, મારા ગુરુએ કહ્યું ને મેં સાંભળ્યું ને મને આત્માનું જ્ઞાન થયું છે, એમ નહીં. વ્યવહારની વાતને ગૌણ કરીને નિશ્ચયની વાત કરી. હવે નિશ્ચયની વાત એણે કરી તો અમૃતચંદ્ર આચાર્યે વ્યવહાર જોડી દીધો.

મુમુક્ષુ:- હાં ઈ તો એમ જ.

ઉત્તર:- સર્વજ્ઞની પરંપરા, ને મારા ગુરુ પર્યંત, ને એની કૃપાથી, ને મને શુદ્ધ આત્માનો ઉપદેશ મળ્યો અને મેં અનુભવ કર્યો. **એકત્વવિભક્ત આત્મા ને હું આત્માના નિજ વૈભવ વડે** આહાહા! મારો નિજ વૈભવ તો આનંદનો અનુભવ, ઈ નિજ વૈભવ છે. **દેખાડું છું;** હું દેખાડું છું, એમ. તને હથેળીમાં દેખાડું છું કે આ આત્માનું સ્વરૂપ છે. જો દેખાડું છું આંખ ઉઘાડી રાખજે રુચિની, રુચિની આંખ ઉઘાડી રાખજે. બીજું તારે કરવાનું કાંઈ નથી. **જો હું દેખાડું તો** એમ. હું દેખાડું તો તને દેખાશે. દેખાશે તો અનુભવથી પ્રમાણ કરજે. સાંભળીને પ્રમાણ કરીશમાં.

મુમુક્ષુ:- નહીં નહીં.

ઉત્તર:- સાંભળીને પ્રમાણ થઈ શકતું નથી. જુઓ, સાંભળીને પ્રમાણ ન થાય કેમકે ઇન્દ્રિયજ્ઞાનમાં પ્રમાણતા નથી. કેમકે ઇન્દ્રિયજ્ઞાનમાં પ્રત્યક્ષ આત્માનો અનુભવ નથી. એટલે અનુભવથી પ્રમાણ કરજે તું. આહાહા! અનુભવીની વાત અનુભવથી પ્રમાણ થાય. સાકર ગળી છે. જેણે સાકર ખાધી એ કહે કે સાકર ગળી છે. જુઓ! આ સાકર? તો કહે હા ગળી છે. નહીં. નહીં.

બીજો હમણાં આવશે ફટકડીનો ગાંગડો લઈને આનાથી સરસ, તો તું એને સાકર માની લઈશ. પણ હું તને સાકર બતાવું છું ગળી છે. તું જીભ ઉપર મુકીને પ્રમાણ કરજે. પછી ઠગ આવશે ફટકડીના ગાંગડા લઈને (તો) છેતરાઇશ નહીં તું. આહાહા! એવી સંધિ કરી છે, ગુરુ-શિષ્યની સંધિ કરી છે. આમાં એમ રહસ્ય છે કે આ સમયસાર જે ભાવથી ભણશે એને અનુભવ થશે.

મુમુક્ષુ:- થશે જ.

ઉત્તર:- ઈ વાત છે. ઈ.. ઈ પોતાને..પોતાને બીજા જીવોનું જ્ઞાન થઈ ગયું છે. ભવિષ્યના પાત્ર જીવોનું જ્ઞાન થઈ ગયું છે. ન થાય?

મુમુક્ષુ:- હાં થાય ને સાહેબ.

ઉત્તર:- ભવાંતરનું પોતાનું ને બીજાનું જ્ઞાન થાય છે, જ્ઞાનીને. આહાહા! **દેખાડું તો પ્રમાણ કરવું અને જો કોઈ ઠેકાણે ચૂકી જાઉં** એટલે કોઈ વ્યાકરણમાં, કોઈ કાના-માત્રામાં, ઈ શબ્દની પરંપરામાં, ક્યાંય શાબ્દિક દોષ હોય તો એ તું ગ્રહણ કરીશમાં. અનુભવ પ્રધાન શાસ્ત્ર છે. અનુભવથી પ્રમાણ કરજે. **તો છળ ન ગ્રહણ કરવું.** એમ કહે. આમાં તમે વ્યાકરણ ને માત્રા ને પદની આ ને તે ને એવા ઘણા પ્રકાર હોય. એના ઉપર લક્ષ કરીશમાં. શબ્દ મ્લેચ્છ ન થાતો, શબ્દ મ્લેચ્છ થઈશમાં, નહિતર રહી જઈશ.

લ્યો, પાંચમી ગાથા શરૂ થશે. ટાઈમ થઈ ગયો.

હું મારા નિજ વૈભવથી લખું છું શાસ્ત્ર. આહાહા!

મુમુક્ષુ:- અનુભવ ચાલુ છે.

ઉત્તર:- ચાલુ છે આ. લખવાની ક્રિયા જડની છે. વિકલ્પ ઉઠે છે ઈ જડની ક્રિયા છે. આહાહા!

એનાથી જુદો જાણનાર જણાય છે. કેમકે જે એક વાર અનુભવમાં આવ્યો એ જ્ઞાત: જ્ઞાયકપણે જણાયો એ તો સર્વ અવસ્થામાં જ્ઞાયકપણે, જાણનારપણે જણાઈ રહ્યો છે. આહાહા! એ જાણવું છૂટતું નથી અને જણાઈ રહ્યો છે એટલે આનંદ આવી રહ્યો છે. કેમકે જ્ઞાન ને અતીન્દ્રિય આનંદ ને અવિનાભાવી સંબંધ છે. વિષય-કષાયની વાત, આજે સારી નીકળી.

મુમુક્ષુ:- સારી નીકળી.

ઉત્તર:-પરને હું જાણતો નથી. ભાઈ! એ વાત સત્ય છે. વિષયને જીતવનો તને પ્રકાર બતાવીએ છીએ. તું વિષયને નહીં જીતી શક્યો..હું પરને જાણું છું- એ તો વિષય આધીન થઇ ગયો, એ તો છે અનંતકાળથી. આહાહા! એ તો કામ-ભોગ-બંધનની કથા છે.

મુમુક્ષુ:- દુ:ખરૂપ છે.

ઉત્તર:- દુ:ખરૂપ છે. હું પરને જાણું છું ને પરને કરું છું, એ કામ-ભોગ-બંધનની કથા છે.

મુમુક્ષુ:- એમાં જ અનંત પરાવર્તન થયા છે.

ઉત્તર:- આ સ્ટીકર છે ને!

મુમુક્ષુ:- જી ભાઈ, મુક્તિનું કારણ છે

ઉત્તર:- આ બસ. મહામંત્ર છે! આજે એ વાત એમાં ઉતારીને આપણે. ઉતરી ગઈ, બરાબર ઉતરી ગઈ, અણીશુદ્ધ ઉતરી હો!

મુમુક્ષુ:-  અણીશુદ્ધ પૂરી. સહજપણે જ ઉતરી આમાં.

ઉત્તર:- હા, સહજપણે ઉતરી. કોઈ પ્રકાર એનો લઈને નહીં. આ આવ્યું આમાંથી આહાહા..! વિષયો તરફ ઝુકે છે. દાહ થાય છે એટલે દાહ મટાડવા માટે વિષયો તરફ ઝુકે છે. આહાહા! જાણવાની ઈચ્છા બંધ કરી દે.

ટોડરમલ સાહેબે બહુ સારી વાત કરી છે. વિષય ને કષાયની વ્યાખ્યા કરી છે. પરને જાણવાની ઈચ્છા તે વિષય અને કષાય અનુસાર કરવાની ઈચ્છા, તે કષાય. વિષય અને કષાયની વ્યાખ્યા કરી. ઈચ્છા છે, બેયમાં ઈચ્છા છે. કરવાની ઈચ્છા અને જાણવાની ઈચ્છા. યથાર્થપણે જે પરને જાણતો નથી, વિષય જીતાય છે.

મુમુક્ષુ:- વિષય જીતાય છે.

ઉત્તર:- વિષય જીતાતા કષાય જીતાય જશે. કેમ કે જાણતો નથી, તો કરવું? આને હું જાણતો નથી તો આને કરવાની ક્યાં વાત રહી. રાગને જાણતો જ નથી તો રાગને કરવાની વાત ક્યાં રહી. આહાહા! જાણેલાનું શ્રદ્ધાન થાય છે. જાણવાનું બંધ થાશે તો શ્રદ્ધા નહીં થાય, મિથ્યા. એ વાત એણે લીધી છે કે ઇન્દ્રિયજ્ઞાન જેને જાણે છે તેને પોતાનું માને છે. અહીંયાથી સંસાર ઊભો થયો.

મુમુક્ષુ:- મોક્ષમાર્ગ પ્રકાશકમાં લખ્યું છે.

ઉત્તર:- મોક્ષમાર્ગપ્રકાશકની જ વાત કરું છું. વાત એને બહુ સારી લીધી છે. ઇન્દ્રિયજ્ઞાન અમૂર્તિક એવા આત્માને તો જાણતું નથી અને જેને જાણે છે મૂર્તિક આદિ દેહાદિને, એને પોતાનું માન્યા વિના રહેતો નથી. બહુ સારું વાક્ય છે. સોનેરી!

બોલો પરમ કૃપાળુ પૂજ્ય સદગુરૂદેવ નો જય હો!